સિટી એન્કર

પરંપરાગત આર્ટ જે બેસ્ટ છે તે માનસિકતામાંથી બહાર આવી ને ટેક્નોલોજી આર્ટ તરફ પણ વળવું જોઈએ

# આર્ટવર્કની કેટલી કોપી બને તે ગેલેરી વાળા નક્કી ન કરે

**Art Controversy**

શહેરના આર્ટિસ્ટોને નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ જે સ્થાન મળવું જોઈએ તે નથી મળતું. તે માટે આવનારા સમયમાં આર્ટીસ્ટો માટે એક સુંદર પ્લેટફોર્મ ઉભું કરવામાં આવશે. જેમાં આર્ટિસ્ટની કન્સલ્ટન્સી કરવામાં આવશે અને ત્યાર બાદ કોઈ પણ ફી લીધા વગર આર્ટિસ્ટો માટે આર્ટ વર્કશોપ રાખવામાં આવશે. તેવું આર્ક ગેલેરીના સાશા કાલરાનીએ જણાવ્યું હતું.



પોતાના આર્ટવર્ક અંગે માહિતી આપી રહેલા પ્રો. જ્યોતિ ભટ્ટ.

## • વર્ગ વિગ્રહનો રંગ આર્ટને પણ લાગ્યો છે : પ્રો. જ્યોતિ ભટ્ટ

સિટી રિપોર્ટર | વડોદરા

ટેક્નોલોજી અને આર્ટના સમન્વયથી આર્ટ વર્કનું રિક્રિએશન થાય છે. સમયની માંગ પ્રમાણે આ કરવું જરૂરી થઈ જતું હોય છે. આપણા દિમાગમાં એક સાથે ઘણી બધી વાતો ચાલતી હોય છે, અને જ્યારે આપણે આર્ટવર્ક બનાવતા હોઈએ છે ત્યારે પણ તે જ પરિસ્થિતિ હોય છે. 1954માં મેં પ્રથમ આર્ટવર્ક કર્યું હતું અને ત્યારથી આજ દિન સુધી તે કરી રહ્યો છું.

સમયની સાથે સાથે આર્ટીસ્ટો અને આર્ટના જાણકારોની માનસિકતામાં ઘણો બદલાવ જોવા મળ્યો છે. ફિગર અને કેલેન્ડર આર્ટને લોકો અલગ-અલગ ઘણી રહ્યા છે, જેથી એક વાત સ્પષ્ટ થાય છે કે જેમ સમાજમાં વર્ગ વિગ્રહ છે તેવો વર્ગ વિગ્રહ આર્ટમાં પણ આવી ગયો છે. જેટલું આર્ટવર્ક જૂનું એટલું સારૂ તેવી જે ખરીદદારોની સોચ છે, તે બદલવાની છે. આજે પણ આર્ટિસ્ટ એક આર્ટવર્કની કેટલી કોપી બનાવશે તે આર્ટ ગેલેરી વાળા નક્કી કરે છે, જે ખરેખર ખોટું છે તેવું રિક્રિએશન આર્ટને મહત્વ આપતા આર્ટિસ્ટ જ્યોતિ ભટ્ટે જણાવ્યું હતું.

## લોકોને જોવા મળશે જ્યોતિ ભટ્ટના નહિ જોયેલા આર્ટવર્ક

શહેરમાં પ્રથમવાર યોજાઈ રહેલ આર્ટિસ્ટ જ્યોતિ ભટ્ટના ડિજિટલ વર્ક, ફોટોગ્રાફી, રિક્રિએશન, વુડકાર્ડ, પ્રિન્ટ એચિંગ, રિવર્સ પેન્ટિંગ, બેરિક પેન્ટિંગ અને કેનવાસ પેન્ટિંગ મળીને 140થી વધુ આર્ટવર્કનું એક્ઝિબીશન બીઆઈડીસી ગોરવામાં આવેલી આર્ક ગેલેરી ખાતે થશે. 12 માર્ચથી 6 એપ્રિલ સુધી રવિવાર અને જાહેર રજા સિવાય આ એક્ઝિબીશન ખુલ્લું મુકવામાં આવશે.

## 1977માં કરાયેલું ત્રી-દિવસીય એક્ઝિબિશન 7 દિવસ ચાલ્યું

1977માં શહેરમાં પૂર વેળા બધા ફોટોગ્રાફરોએ ફોટો પાડ્યા હતા. તે ફોટોગ્રાફરોનું વર્ક લોકો સુધી પહોંચે તે માટે ન્યાયમંદિર ખાતે ત્રીદિવસીય ફોટોગ્રાફીના એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરીજનોના ઘસારાના કારણે તેને 7 દિવસ ચલાવવાનો વારો આવ્યો હતો તેવું જ્યોતિ ભટ્ટે જણાવ્યું હતું.

"DIVYA BHASKAR - 11/03/2018"